રાજ્યમાં ૩૭૨ નવા કેસ, ૨૦ના મોત

કોરોના વાયરસનું સંક્રમણ રોકાવવાનું નામ નથી લેતુ : અમદાવાદમાં ૨૫૩, સુરતમાં ૪૫, વડોદરામાં ૩૪ કેસ ચોથુ લોકડાઉન પુરૂ થવામાં છે ત્યારે વાયરસ વધુ વકર્યો

ગાંધીનગર તા.૨૯

ગુજરાતમાં આજે છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૩૭૨ નવા ૩૭૨ દર્દીઓ નોંધાયા છે. રાજ્યમાં ૨૦ વ્યક્તિઓના મોત સાથે મૃત્યુઆંક કુલ ૯૮૦ થયો છે. રાજ્યમાં હાલમાં ૬૩૫૫ કોવિડ-૧૯ના એક્ટીવ કેસ છે. ૬૮ વ્યક્તિઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા ૬૦૮ છે. જેમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૮૬૦૯ છે. રાજ્યમાં કુલ કેસનો આંકડો ૧૫૯૪૪ થયો છે. ગુજરાતમાં આજે કોવિડ-૧૯ના ૩૭૨ નવા દર્દીઓ નોંધાયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ વ્યક્તિઓના કોરોનાના કારણે મોત નીપજ્યા છે. જેમાં અમદાવાદમાં ૧૮ અને સુરતમાં ૨ વ્યક્તિના મોત સાથે રાજ્યમાં ૯૮૦ મોત નોંધાયા છે. અમદાવાદમાં ટોટલ એક્ટીવ કેસ ૬૩૫૫ છે. જેમાં વેન્ટીલેટર પર ૬૮ વ્યક્તિઓ છે. રાજ્યમાં અમદાવાદમાં ૨૫૩, સુરતમાં ૪૫, વડોદરામાં ૩૪, ગાંધીનગરમાં ૮, મહેસાણામાં ૭, છોટાઉદેપુરમાં ૭, કચ્છમાં ૪, નવસારીમાં ૨, બનાસકાંઠા, રાજકોટ, અરવલ્લી, પંચમહાલ, મહીસાગર, ખેડા, ભરૂચ, સાબરકાંઠા, વલસાડ, જુનાગઢ, સુરેન્દ્રનગર અને અન્ય રાજ્યમાં ૧-૧ સાથે કુલ ૩૭૨ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજે ૨૭૨૪૦૯ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જેમાં ૨૬૪૩૧૨ વ્યક્તિઓ હોમક્વોરોન્ટાઇન છે અને ૮૦૯૭ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરોન્ટાઇન રાખવામાં આવ્યા છે. રાજ્યમાં આજે ૬૦૮ દર્દી સાજા થઈ ઘરે ગયા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૧૧૫૯૭	૭૯૮	૫૭૯૯
સુરત	૧૫૧૦	૬૭	૧૦૪૨
વડોદરા	૯૮૧	૩૯	૫૪૮
ગાંધીનગર	૨૪૯	૧૩	૧૪૮
ભાવનગર	૧૨૦	૦૮	૯૯
બનાસકાંઠા	૧૦૪	૦૪	૮૩
આણંદ	૯૭	૧૦	૭૮
રાજકોટ	૧૦૫	૦૨	૬૯
અરવલ્લી	૧૦૩	૦૩	૯૭
મહેસાણા	૧૧૨	૦૪	૭૦
પંચમહાલ	૮૨	૦૭	૭૦
બોટાદ	૫૯	૦૧	૫૪
મહીસાગર	૧૧૪	૦૨	૪૧
ખેડા	૬૬	૦૪	૪૭
પાટણ	૭૬	૦૬	૬૧
જામનગર	૫૨	૦૨	૩૫
ભરૂચ	૩૮	૦૩	૩૪
સાબરકાંઠા	૯૮	૦૩	૩૯
ગીર-સોમનાથ	૪૫	૦૦	૨૭
દાહોદ	૩૬	૦૦	૨૬
છોટાઉદેપુર	૩૧	૦૦	૨૨
કચ્છ	૭૯	૦૨	૪૩
નર્મદા	૧૮	૦૦	૧૩
દેવભૂમિ દ્વારકા	૧૨	૦૦	૧૧
વલસાડ	૩૫	૦૧	૧૦
નવસારી	૨૫	૦૦	૧૧
જૂનાગઢ	૨૯	૦૦	૧૨
પોરબંદર	૦૮	૦૦	૦૪
સુરેન્દ્રનગર	૩૩	૦૧	૧૦
મોરબી	૦૪	૦૦	૦૨
તાપી	૦૬	૦૦	૦૨
ડાંગ	૦૨	૦૦	૦૨
અમરેલી	૦૮	૦૦	૦૨
અન્ય રાજ્ય	૦૮	૦૦	૦૦
કુલ	૧૫૯૪૪	૯૮૦	૮૬૦૯

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ૧૦ કોન્ટ્રાક્ટરોને નોટિસ

ખેડબ્રહ્મા નગરપાલિકા ભાજપ શાહિત છે પણ સદસ્યોની રજૂઆત જ ના સાંભળવામાં આવતી હોવાની વાતો અનેક વાર બહાર આવી છે ત્યારે ગત બુધવરે પાણી પુરવઠા ચેરમેન નિકુંજ રાવલે નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિર રાજુઆત કરી હતી જેમાં છેલ્લા ત્રણ માસથી વારંવાર રજૂઆત કરવા છતાં તેમના વોર્ડમાં કામ અધૂરા મૂકી રાખવામા આવ્યા છે જેની રજુઆત કરતા નગરપાલિકાએ ૧૦ કોન્ટ્રાક્ટરોને નોટિસ ફટકારવામાં આવી છે.

નગરપાલિકા દ્વારા (૧) મિતેષ એચ શાહ ઈડર ને વાસના રોડના અધૂરા કામ માટે નોટિસ આપવામાં આવી છે. (૨) ઉત્સવ કન્ટ્રક્શન હિંમતનગર ને નોટિસ વરસાદી પાણીના નિકલના કામો માટે, (૩) પ્રતીક ત્રિવેદી, ગોતા ને પાણીની પાઈપ લાઈનના કામો (૪) બંસીધર કન્સ્ટ્રક્શન કરારનામુંબાકી હોવા અંગે (૫) જીવનભાઈ પટેલ ઈડરને વિવિધ નોટિસો વિવિધ રસ્તાઓના કામો માટે (૬) આસ્કા કન્ટ્રક્શન ખેડબ્રહ્મા પિક અપ સ્ટેન્ડ અને રસ્તાના કામો માટે (૭) અજય કન્ટ્રક્શન અમદાવાદ ને નોટિસ ફૂટપાતનું કામ બાકી હોઈ (૮) સોમનાથ કન્ટ્રક્શન પાલા વાસના રસ્તાના કામ માટે (૯) ગંગારામ એચ પટેલ ઈડર ને રસ્તાના કામ માટે (૧૦) રાકેશભાઈ સુથાર ને નોટિસ રસ્તાના કામ માટે નોટિસો કોન્ટ્રકરોને આપી સત્વરે કામ પૂર્ણ કરવા જણાવવામાં આવ્યું છે.



ખેડબ્રહ્મા નગર સેવા સદન
ખેડબ્રહ્મા જિ.સાબરકાંઠા પીન.૩૮૩૨૫૫
np_kbrahma@yahoo.co.in

નંખે.નં.પા/ ખીઝિક /વશી/ ડ્રુક /૨૦૨૦ તા. ૧૯/૫/૨૦૨૦

નોટીસ

પ્રતિ
પ્રોપ્રરાઇટરશ્રી
જીવણભાઈ એ. પટેલ
૨૫, ઉમિયા પરિવાર સોસાયટી
વલાસણા રોડ, ઇડર

વિષય :- સાંઈવિલા ફ્લેટથી ફાટક સુધીના રસ્તાનું પુનઃ સીસી કામ બાબત

સંદર્ભ :- અત્રેનો વર્ક ઓર્ડર તા.૨૪/૦૨/૨૦૨૦

આ નોટીસથી તમોને જણાવવાનું કે ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ઉપરોક્ત કામનો વર્ક ઓર્ડર તા.૨૪/૦૨/૨૦૨૦થી આપવામાં આવેલ છે અને ૬ માસમાં કામ પૂર્ણ કરવા જણાવેલ છે.વર્ક ઓર્ડર આપ્યે ત્રણ માસ જેટલો સમય થયેલ હોવા છતાં તમારા દ્વારા આજદિન સુધી સ્થળે કામ શરૂ કરવામાં આવેલ નથી. જેના કારણે ઉક્ત વિસ્તારની પ્રજાને રસ્તાની સુવિધા પૂરી પાડી શકાતી નથી / ગ્રાન્ટનો વપરાશ થઇ શકતો નથી. જેથી આ નોટિસથી સત્વરે કામ શરૂ કરવા સુચના આપવામાં આવે છે જેની નોંધ લેશો.

ચીફ ઓફિસર
ખેડબ્રહ્મા નગરપાલિકા

ધનસુરાના ફોટોગ્રાફર-વિડીયોગ્રાફર એસોસિએશન દ્વારા આવેદનપત્ર

એસોસિએશન દ્વારા ધનસુરા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને નમ્ર વિનંતી કરવામાં આવી હતી કે કોરોનાને લીધે છેલ્લા દોઢ મહિનાથી પણ વધુ સમયથી ધંધા રોજગાર બંધ છે. તા. ૨૨ માર્ચના રોજ જનતા કરફ્યુથી શરુ કરી ૨૦-૫-૨૦૨૦ સુધી સૌ કોરોનાને લઈને સામનો કરી રહ્યા છીએ. આ ઉપરાંત શિયાળાની સિઝનનું કામ કલર લેબમાં જ પડ્યું છે. આવી પરિસ્થિતિમાં ફોટોગ્રાફરોને જીવન-નિર્વાહ ચલાવવો ખૂબ જ મુશ્કેલ પડી રહ્યો છે. જેને લઈને આર્થિક સંકળામણને દૂર કરવા અમારા ફોટોગ્રાફર ભાઈઓ માટે સરકાર કોઈ આર્થિક પેકેજ જાહેર કરે અને ફોટોગ્રાફર ભાઈઓને મદદરૂપ થવા દૈનિક ભથ્થાની કોઈ સ્કિમમાં સામેલ કરવા વિનંતી કરી હતી અને આ અંગેનું આવેદનપત્ર ધનસુરા ફોટોગ્રાફર વિડીયોગ્રાફર એસોસિએશન ધ્વારા ધનસુરા મામલતદાર સી.જી. ઝાલાને આપ્યું હતું.

મેઘરજ ચણાના ટેકાના ભાવે ખરીદકેન્દ્ર પર વેપારી ખેડૂતોના ઉતારા લઈ ચણા વેચવા પહોંચતા હોબાળો

મેઘરજ, તા. ૨૯

રાજ્ય સરકારે ખેડૂતોને તેમની ખેત પેદાશના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ઘઉં, ચણાની ટેકાના ભાવે ખરીદી શરુ કરી છે. કેટલાક લેભાગુ વેપારીઓ ખેડૂતોની મજબુરીનો ફાયદો ઉઠાવી મનફાવે તેટલો ખેતપેદાશનો ભાવ આપી લૂંટી રહ્યા છે, ખેડૂતો પાસેથી ઉતારા મંગાવી કેટલાક વેપારીઓ ટેકાના ભાવે ખેત પેદાશ વેચી નફો કમાઈ રહ્યા હોવાની બૂમો વારંવાર ઉઠતી રહી છે, ત્યારે મેઘરજ ખાતે ટેકાના ભાવે ચણા ખરીદ કેન્દ્ર પર કેટલાક લેભાગુ વેપારીઓ સળી ગયેલા અને હલકી કક્ષાના ચણા ખેડૂતોના નામે વેચવા પહોંચી ખરીદકેન્દ્ર પરના અધિકારી અને કર્મચારીઓને દબાણ કરતા હોબાળો મચ્યો હતો.

મેઘરજ ટેકાના ભાવે હાલ એજન્સી મારફતે ચણાની ખરીદી કરી રહી છે ત્યારે કેટલાક લાલચુ વેપારીઓ ખેડૂતો પાસેથી ૭-૧૨ના ઉતારા મંગાવી લઈ ખેડૂતોના નામે હલકી કક્ષાના અને સડી ગયેલા જીવાતવાળા ચણા લઈ પહોંચ્યા હતા અને ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ફરજ બજાવતા અધિકારી અને કર્મચારી પર રોફ જમાવી ચણાની ખરીદી કરવા દબાણ કરી ફરજ પાડતાં હતા.

દૂધ ઉત્પાદકોને ભાવફેરની રકમ ચુકવવા જૂનના પ્રથમ સપ્તાહમાં બોર્ડ મીટીંગ

ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા મળનારી રકમ અંગે ચર્ચા બાદ નિર્ણય લેવાશે

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોને મે મહિના બાદ તેમણે સ્થાનિક દૂધ મંડળીમાં ભરાવેલા દૂધની કિંમતના તફાવતને સાબરડેરી દ્વારા દર વર્ષે ભાવફેર તરીકે ચુકવવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ દૂધ ઉત્પાદકોને આ ભાવફેરની રકમ ઝડપથી મળે તે માટે સાબરડેરીના નિયામક મંડળ દ્વારા કામગીરી કરાઈ રહી છે ત્યારે ગુરૂવારે મળેલી બોર્ડ મીટીંગમાં આ મુદ્દે ચર્ચા થયા બાદ જૂનના પ્રથમ સપ્તાહમાં ભાવફેર ચુકવવા બાબતે ખાસ બોર્ડ મીટીંગ મળશે.

આ અંગે ડેરીના ચેરમેન શામળભાઈ પટેલ તથા એમ.ડી. બી.એમ.પટેલના જણાવાયા મુજબ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંદાજે સાડા ત્રણ લાખથી વધુ દૂધ ઉત્પાદકો ભાવફેરની રકમ મેળવવા માટે રાહ જોઈને ઉભા છે ત્યારે ગત વર્ષ કરતા આ વર્ષે દૂધ ઉત્પાદકોને ભાવફેરની રકમ વધુ મળે તે માટે નિયામક મંડળ ચિંતિત છે. ગુરૂવારે મળેલી બોર્ડ મીટીંગમાં આ અંગે ચર્ચા કરવામાં આવી હતી પરંતુ જયાં સુધી ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા ભાવફેરની રકમ સાબરડેરીને ન મળે ત્યાં સુધી કોઈ નિર્ણય લઈ શકાય તેમ નથી. એવી આશા છે કે તા.૧ જૂન સુધીમાં મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા ભાવફેરની રકમ પેટે સાબરડેરીને જાણ કરી દેવામાં આવે તેવી શકયતા છે.ત્યારબાદ સહકારી નિયમ મુજબ દૂધ ઉત્પાદકોને આ રકમ ચુકવવા માટે સૌપ્રથમ બોર્ડ મીટીંગની મંજુરી જરૂરી હોય છે ત્યારે જૂનના પ્રથમ સપ્તાહમાં ખાસ બોર્ડ મીટીંગ બોલાવાશે. જેમાં સભ્યોની સહમતી બાદ તરત ઠરાવ કરીને જે તે દૂધ મંડળીઓને ફાળવવાની થતી રકમ તેમના બેંકના ખાતામાં નાખી દેવામાં આવશે અને સ્થાનિક મંડળીઓ તે રકમ સાથે સ્થાનિક મંડળીએ કરેલ નફાની રકમ તેમાં ઉમેરીને દૂધ ઉત્પાદકોને ચુકવી દેશે.ઉલ્લેખનીય છે કે અત્યારે ઉનાળામાં સાબરડેરી દ્વારા બંને જિલ્લામાંથી ૨૩ લાખ લીટરથી વધુ દૂધનું સંપાદન કરાઈ રહ્યુ છે. તો બીજી તરફ લોકડાઉનમાં અપાયેલી છૂટછાટ બાદ અત્યારે સાબરડેરી દ્વારા અમૂલના નામે અંદાજે ૬૩ હજાર લીટર દૂધ પાઉચ પેકીંગમાં વેચાઈ રહ્યુ છે. અગાઉ જે ઘટાડો નોંધાયો હતો તેમાં લોકડાઉનમાં અપાયેલી છૂટછાટને લીધે વપરાશકર્તાઓને મળતા દૂધના વેચાણમાં અંદાજે ૧૦ ટકાથી વધુનો વધારો થયો હોવાનું સાબરડેરીના સૂત્રોનું કહેવુ છે.તો બીજી તરફ દૂધાળા પશુઓને ખવડાવવામાં આવતા મકાઈ ભરડાના ભાવ પણ સાબરડેરી દ્વારા અંદાજે ૩૬ દિવસ અગાઉ ઘટાડવામાં આવ્યા છે. અગાઉ આ ભાવ રૂા.૧૧૫૦ની આસપાસ હતો પરંતુ બજારમાં મકાઈની આવક વધતા સાબરડેરી દ્વારા વેચાતા મકાઈ ભરડાના ભાવમાં ઘટાડો કરાયો છે અને અત્યારે મકાઈ ભરડો પ્રતિ ૫૦ કિલોના પેકીંગમાં રૂા.૮૫૦ ના ભાવે વેચાઈ રહ્યો છે. જેનો સીધો ફાયદો દૂધ ઉત્પાદકોને મળી રહ્યો છે.

અરવલ્લીમાં કોરોનાના કપરા સમયે ૪૫ લોકો રક્તદાતા બની સાચા અર્થમાં જીવનદાતા બન્યા

અરવલ્લી જિલ્લામાં થેલેસેમિયાથી પીડિતી અને ઓછુ હિમોગ્લોબીન ધરાવતી મહિલાઓને પ્રસુતિ સમયે તેમજ મેડિકલ ઈમરજન્સી સમયે રક્તની જરૂરીયાત રહેતી હોય છે ત્યારે સામાન્ય દિવસોમાં ઉપલબ્ધ થંતુ રક્ત અત્યારે કોરોના કપરા સમયે પણ રકતદાન કરી માનવતા દર્શન કરાવી રહ્યા છે. આવા જ ભિલોડાના ૪૫ લોકો રક્તદાતા બની સાચા અર્થમાં જીવનદાતા સાબિત થયા છે.

કોવિડ-૧૯ મહામારીના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે દેશમાં લોકડાઉન છે. આ લોકડાઉનમાં જિલ્લામાં રક્ત ની કમી ના થાય તેમજ દર્દીઓને જરૂરીયાતના સમયે રક્ત મળી રહે તે માટે હિંમ્તનગર મેડિકલ કોલેજ દ્વારા રક્તશિબિર યોજાતી હોય છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે સામાજીક સેવા સંસ્થાનના ઉપક્રમે શિબિર યોજાઈ હતી. જેમાં તાલુકાના આસપાસ ૪૫ યુવાનો રક્તદાન કર્યુ હતું.

લોકડાઉનમાં તબીબની માનવતા મહેકી મોડાસામાં ગરીબ મહિલાની છાતીમાંથી પાંચ કિલો ગાંઠ કાઢી મહિલાનો જીવ બચાવ્યો

મોડાસા, તા. ૨૯

હાલ કોરોનાની વૈશ્વિક મહામારીમાં દેશમાં કોરોના સંક્રમિત થતો અટકાવવા ૨૫ માર્ચથી લોકડાઉન ચાલી રહ્યું છે. કોરોનાથી

અનેક તબીબો અને આરોગ્યલક્ષી કર્મીઓ પણ દર્દીઓની સારવાર કરતા કોરાનાની ઝપટે ચઢી ગયા છે. ત્યારે મોડાસા શહેરમાં રહેતી ગરીબ પરિવારની મહિલાને છાતીના ભાગે ૫ કિલોની ગાંઠ થતા દર્દથી કણસતી હોવાથી મોડાસાના તબીબો પાસે સારવાર લેવા જતા તબીબોએ અમદાવાદ કેન્સર હોસ્પિટલમાં સારવાર કરાવવાનું જણાવ્યું હતું. કોરોનાના માહોલમાં અને ગરીબ પરિવાર પાસે રૂપિયાની સગવડ ન હોવાથી મોડાસા બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલ સર્જન ડૉ. કેતન સુથાર પાસે સારવાર કરાવવા જતા હાલ કોવીડ-૧૯ ની કપરી સ્થિતિમાં પણ ગરીબ મહિલાનું રાહત દરે તાત્કાલિક ઓપરેશન કરી છાતીના ભાગે થયેલ ૫ કિલોની ગાંઠ કાઢી નાખી મહિલાને દર્દમાંથી મુક્તિ આપી નવજીવન બક્ષતા ગરીબ પરિવારમાં આનંદ છવાયો હતો.

પ્રકોપ યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક તરફ કેસોમાં વધારો થઈ રહ્યો છે તો બીજી તરફ લોકડાઉન-પની જાહેરાત વખતે વધુ છૂટછાટો અપાશે તો હજુ કેસો વધવાની શક્યતા જોવામાં આવી રહી છે. અલબત્ત, કેન્દ્ર સરકાર પાસે અર્થતંત્રને ધમધમતુ કરવા માટે લોકડાઉનમાં વધારે છૂટછાટો આપવા સિવાય અન્ યકો ઈ વિકલ્પ પણ નથી. તેથી કડક નિયમો સાથે લોકડાઉન-૫ જાહેર થવાની શકયતા છે.

કેસોની વિગતો પ્રમાણે, એ સાથે જ દેશમાં કોરોનાના કુલ સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૧,૬૫,૭૯૯ થઈ ગઈ છે. કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડાઓ અનુસાર ગુરૂવારે કોરોનાએ ૧૭૫ લોકોનો ભોગ લીધો હતો. એ સાથે કુલ મૃત્યુઆંક ૪૭૦૬નો થયો છે.

જોકે એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૨.૮૮ ટકા સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૭૪૬૬ નવા કેસ સાથે દેશભરમાં કોરોના વાયરસના સંક્રમણનો આંકડો ૧૬૫૭૯૯ સુધી પહોંચી ગયો છે. તેમજ છેલ્લા ૨૪ કલાકમાં ૩૪૧૪ લોકો કોરોના સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

દેશમાં અત્યારે ૮૯૯૮૭ પોઝીટીવ કેસ છે. જ્યારે ૭૧૧૦૫ દર્દી સાજા થઈ ઘરે પહોંચ્યા છે. દેશમાં સંક્રમણથી અત્યાર સુધીમાં ૪૭૦૬ દર્દીઓના મોત થયા છે. જેમા સૌથી ૧૭૯૨ દર્દીઓના મોત મહારાષ્ટ્રમાં, ૯૧૫ ગુજરાતમાં, મ.પ્રદેશમાં ૩૦૫, દિલ્હીમાં ૨૮૮ અને પ.બંગાળમાં ૨૮૩ના મોત થયા છે.

રાજસ્થાન અને યુપીમાં ૧૭૦ના મોત થયા છે તો તામીલનાડુમાં ૧૨૭, આંધ્ર અને તેલંગણામાં ૫૭ના મોત થયા છે. કોવિડ-૧૯ને કારણે કર્ણાટકમાં ૪૪, પંજાબમાં ૪૦, જમ્મુ કાશ્મીરમાં ૨૪, હરીયાણામાં ૧૭, બિહારમાં ૧૩, ઓડિસામાં ૭, કેરળમાં ૬, હિમાચલમાં ૫, ઝારખંડ-ઉતરાખંડ-ચંડીગઢ અને આસામમાં ૪ - ૪ ના મોત થયા છે. મેઘાલયમાં ૧નુ મોત થયુ છે. મુંબઈમાં ગઈકાલે ૧૪૩૮ નવા કેસ સામે આવતા કુલ આંકડો ૩૫૦૦૦ ઉપર પહોંચ્યો છે. વધુ ૩૮ લોકોના મોત થતા કુલ મૃત્યુ ૧૧૦૦થી વધુના થયા છે. તમામ પ્રયાસો છતા ભારતમાં કોરોના કાબુમાં આવતો જ નથી. કેસ વધે છે એટલુ જ નહિ મોતની સંખ્યા પણ વધી રહી છે. પાછલા ૭ દિવસમાં રોજ સરેરાશ ૧૫૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. ભારતે મોતના મામલે ચીનને પણ પાછળ રાખી દીધુ છે. એશિયામાં સૌથી વધુ કેસ ભારતમાં નોંધાયા છે.

સત્તા આપવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખરાબ છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ, ગુજરાત, દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યોમાં કેસ વધારે છે. અનેક રાજ્યો એવા છે જ્યાં અત્યાર સુધી તો કેસ ઓછા છે, પરંતુ કોવિડ-૧૯નો ગ્રાફ વધી રહ્યો છે. આસામમાં છેલ્લા ૪ દિવસમાં કેસ અનેક ગણા વધી ગયા છે. લૉકડાઉન સંપૂર્ણ રીતે ખોલતા સ્થિતિ ક્યાંક વધારે ના બગડી જાય, આ કારણે રાજ્યો થોડીક છૂટછાટો સાથે લૉકડાઉન ચાલું રાખવા ઈચ્છે છે. ગોવાનાં સીએમ પ્રમોદ સાવંતની માંગ છે કે લોકોડાઉનને ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી વધારવું જોઈએ. જો કે તેમણે કેટલીક છૂટછાટની માંગ પણ કરી છે જેમાં સોશિયલ ડિસ્ટન્સિંગની સાથે રેસ્ટોરન્ટ, જીમ ખોલવાનું પણ સામેલ છે.

સારવાર દરમિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેતુ જાહેરનામુ મનપાએ પ્રસિદ્ધ કર્યુ છે. અંદાજે ૧૩૫૧ જેટલા લોકોને આ કન્ટેનમેન્ટ ઝોનમાં આવરી લેવામાં આવ્યા છે. આ મળેલ મહિલા દર્દી સગર્ભા હોવાનું પણ જાણવા મળેલ છે.

આ મહિલાના પરિવારના સાત સભ્યોને પણ ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યાનું મનપાના સૂત્રોએ જણાવ્યુ છે.

સે. ૨૪ માંથી ગઈકાલે મળેલ વૃદ્ધા દર્દીના પરિવારના ૧૦ સભ્યોને પણ ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ખસેડવામાં આવ્યાનુ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

સે. ૨૨માં રહેતા અને કોરોના વોરિયર્સ તરીકેની સેવા બજાવતા એક પોલીસ કર્મીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૨ માંથી આ ૪ થો કેસ કોરોના પોઝીટીવનો મળી આવ્યો છે.

આ દર્દીના પરિવારમાં પતિ-પત્ની બે જ સભ્યો છે. પત્નીને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. મનપાના તંત્ર દ્વારા સે. ૨૨ માં આ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કર્યો છે. આ અંગેનું જાહેરનામુ પણ તંત્ર દ્વારા જારી કરી દેવામાં આવ્યુ છે.

આ ઉપરાંત સે. ૧૨-બી માંથી એક વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

જોગીનું નિધન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જોગીનું મોત રાજ્ય માટે મોટી ખોટ છે. પૂર્વ રાજ્યના મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા રમણ સિંહે પણ જોગીના અવસાન પર શ્રદ્ધાંજલિ આપી છે. રમને જોગીના મોતને રાજ્ય માટે અફરનીય નુકસાન ગણાવ્યું હતું. બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે પણ જોગીના અવસાન પર શોક વ્યક્ત કર્યો છે. નીતીશે કહ્યું કે છત્તીસગ કદ્વિ સિવાય દેશના રાજકારણમાં પણ જોગીએ મૂલ્યવાન યોગદાન આપ્યું છે. તેમના અવસાનથી રાજકીય અને સામાજિક ક્ષેત્રે ન ભરવાપાત્ર નુકસાન થયું છે. કાર્ડિયાક ધરપકડના પગલે જોગીને ૯ મેના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

૯ મેના રોજ જોગીને અચાનક નાસ્તો કરતી વખતે છાતીમાં દુખાવો અનુભવાયો અને શ્વાસ લેવામાં તકલીફ થવા માંડી, એમ પૂર્વ સીએમ સ્ટાફે જણાવ્યું હતું. તે તેની પત્ની રેણુ જોગી સાથે હતો અને તેણે ઘરે સ્ટાફને જાણ કરી. ત્યારબાદ પરિસ્થિતિને નાજુક બનતા તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો અને વેન્ટિલેટર પર બેસાડવામાં આવ્યો હતો. પુત્રની તબિયતની જાણ થતાં જ પુત્ર અમિત જોગી પણ બિલાસપુર પહોંચ્યા હતા.

મુસાફરો પોઝિટિવ ● અનુસંધાન પહેલાનું ચાલુ

જનારા એક શખ્સનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત ૨૬મેના રોજ દિલ્હીથી જમ્મુ ગયેલી ફ્લાઈટ નંબર ૬ઈ ૯૫૫માં ત્રણ યાત્રી, ૨૭મેના રોજ બેંગલુરુથી કોઈમ્બતુર ગયેલી ફ્લાઈટ નબંર ૬ઈ ૬૯૯૨માં છ યાત્રી અને ૨૭મેના રોજ દિલ્હીથી કોઈમ્બતુર ગયેલી ફ્લાઈટ નબંર ૬ઈ ૯૦૮માં બે યાત્રી કોરોના પોઝિટિવ મળ્યા છે.